# નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

૨૩૨૫૩૯૦૮ (નિરીક્ષક)
૨૩૨૫૩૯૦૭ (નાયબ નિરીક્ષક)
૨૩૨૫૪૭૯૩ ( સહાયક નિરીક્ષક)
૨૩૨૫૪૬૨૦ (નિરીક્ષકશ્રીના અંગત મદદનીશ)
૨૩૨૫૭૭૫૪ (ફેક્સ)
e-mail : exm-dat@Gujarat.gov.in

ગુજરાત રાજ્ય,
'વીમા અને લેખા ભવન'
ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,
બ્લોક નં–૧૭, બીજો માળ,
સેકટર–૧૦/બી, એ.એલ.એ.ક્વાર્ટર સામે,
ગાંધીનગર–૩૮૨૦૧૦.

નં.એલ.એચ.ક્યુ.ટેક–૪/૧૪૫૦
તારીખ : ૨૭ – ૦૭ – ૨૦૧૦

પ્રતિ,
જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ,
..................(તમામ)

વિષય:– આર.ઓ.પી–૨૦૦૯ માં ઉપધોના કેસો મંજુર કરવા બાબત.

સંદર્ભ:– (૧) અત્રેની કચેરીનો પરિપત્રનં.એલ એચ ક્યુ/૪૩૪/૫૩૩ તા.૧૫/૩/૨૦૧૦
(૨) અત્રેની કચેરીનો પરિપત્રનં. .એલ એચ ક્યુ/૫૪૫ તા.૩૧/૩/૨૦૧૦
(૩) ના.વિ. નો પત્ર ક્રમાંક:પગર–૧૦૨૦૧૦–પુઓ–૧૦–૧–પી તા.૧૭/૭/૨૦૧૦

મહાશય,

અત્રેની કચેરીના સંદર્ભ–૨ માં દર્શાવેલ પરિપત્રથી આર.ઓ.પી–૨૦૦૯ ના પગારમાં એટલે કે તા.૧/૧/૨૦૦૬ પછી ઉચ્ચતર પગાર ધોરણ ના કેસોની ચકાસણી નહી કરવા સુચના આપેલ હતી.

નાણા વિભાગના સંદર્ભ–૩ માં દર્શાવેલ પત્ર, (નકલ સામેલ છે.) જેમાં જણાવ્યા પ્રમાણે બઢતીના પગાર ધોરણમાં પે–બેન્ડ અને ગ્રેડ–પે અલગ હોય, અથવા પે–બેન્ડ સરખા હોય પરંતુ ગ્રેડ–પે વધારે હોય તેવા ઉચ્ચતર પગાર ધોરણના કેસોનું વેરીફીકેશન કરી આપવા જણાવેલ છે. તે અનુસાર સંદર્ભ–૧ માં દર્શાવેલ પરિપત્ર અને નાણા વિભાગની સુચના અન્વયે તા.૧/૧/૦૬ પછીના મંજુર થયેલા આવા ઉચ્ચતર પગાર ધોરણના કેસોનું વેરીફીકેશન કરવા માટે સ્પષ્ટતા કરવામાં આવેલ હોઈ આવા કેસોનું વેરીફીકેશન કરવા માટે આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર

બિડાણ:–ઉપર મુજબ